GJAR030008202025

કેસ દાખલ થયાની તા.	૨૦-૦૫-૨૦૨૫
કેસ રજીસ્ટર્ડ થયાની તા.	૨૦-૦૫-૨૦૨૫
ઠરાવ જાહેર થયાની તા.	૧૨-૦૮-૨૦૨૬
સમયગાળો	વર્ષ-મહીના-દીવસ ૦૧ - ૦૨ - ૨૩

ભિલોડાના નામદાર એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભિલોડા,જિ.અરવલ્લી.

ફોજદારી કેસ નં.૫૯૦/૨૦૨૫

આંક :૩૬

ફરિયાદી — પરમાર મુકેશભાઈ પરશોત્તમભાઈ,
ઉ.વ.૫૦,ધંધો.વેપાર,ધર્મે.હિન્દુ,
રહે.મઉ,તા.ભિલોડા,જી.અરવલ્લી.

વિરૂધ્ધ

આરોપી — પંડયા બ્રિજેશકુમાર વસંતલાલ,
ઉ.વ.પુખ્ત,ધંધો.બેંકમાં લોન અપાવવાનો,ધર્મે.હિન્દુ,
રહે.ડી-૬૦,મધુવન રેસીડેન્ટ,મોડાસા,
તા.મોડાસા,જી.અરવલ્લી.
મુળ રહે.ખેરાડી,તા.ભિલોડા,જી.અરવલ્લી.

ગુનો:- વટાઉખત અધિનિયમની કલમ-૧૩૮ મુજબ

ફરીયાદીના વિ.વ.શ્રી આર.યુ.મનસુરી
આરોપીના વિ.વ.શ્રી પી.એ.ઉપાધ્યાય

:: ઠરાવ ::

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,ફરીયાદી મોજે.મઉ મુકામે રહે છે અને ભીલોડા મુકામે લક્ષ્મી બેગ હાઉસ નામે દુકાન ધરાવી વેપાર કરી ગુજરાન ચલાવે છે અને આરોપી મુળ ખેરાડી મુકામેના કાયમી રહીશ છે અને હાલ મોડાસા રહે છે અને બેંકમાં લોન અપાવવાનુ કામ કરી તેમનુ જીવન ગુજારે છે તથા આરોપી મોડાસા મુકામે રહે છે અને

અવારનવાર ભીલોડા મુકામે બેંકોના કામકાજ માટે આવતા જતા હોય અને આરોપીના ઓળખીતા પરીચયવાળા લોકોને બેંકમાંથી લોન અપાવવાનુ કામકાજ કરવા માટે ભીલોડા આવતા જતા અને આરોપી ફરીયાદીને ઓળખતા હોય અવારનવાર ફરીયાદીની દુકાને બેસતા જેથી આરોપી અને ફરીયાદી વચ્ચે મિત્રતાના સંબંધો કેળવાયેલા જેથી આરોપીએ ફરીયાદીને હીરાનંદની ફાઈનાન્સીયલ પ્રા.લી.માંથી તા.૨૮.૧૨.૨૩ ના રોજ રૂા.૧૩,૦૪,૯૫૮/- ની લોન કરાવી આપેલ જેનો માસીક હપ્તો રૂા.૨૧,૮૬૦/- નો આવે છે તથા આરોપીએ ફરીયાદીને લોન કરાવી આપી સંબંધ વધુ ગાઢ બનાવેલા અને આ સંબંધમાં આરોપીએ ફરીયાદીને વધુ પચાસ લાખની સબસીડીવાળી લોન કરાવી આપીશ તેવુ સમજાવી ફરીયાદીને આરોપીએ તેમની વાકચતુરાઈ વાપરી તેમની જાળમાં ફસાવી દીધેલા.આરોપી સાતેક મહીના અગાઉ ફરીયાદીની દુકાને આવેલા અને જણાવેલ કે,મારે લોન ભરવી છે અને તે લોન હુ ભરી દઉ તો મને બીજી વધારે લોન મળે એવી છે જેથી આરોપીએ ફરીયાદી પાસે ગઈ તા.૧૦.૧૦.૨૪ ના રોજ આવેલા અને રૂા.૭,૫૦,૦૦૦/-(અંકે રૂપીયા સાત લાખ પચાસ હજાર પુરા) હાથ ઉછીનાની માંગણી કરેલી અને આ રકમ તા. ૧૫.૦૧.૨૫ સુધીમાં પરત આપી દેવાનુ નકકી કરેલ અને તેથી ફરીયાદી આરોપીને પાંચ દિવસ પછી આવવાનુ કહેલ જેથી આરોપી તા.૧૫.૧૦.૨૪ ના રોજ ભીલોડા મુકામે ફરીયાદીની દુકાને આવેલા અને હાથ ઉછીની રકમની માંગણી કરેલ જેથી ફરીયાદીએ આરોપીને જણાવેલ કે,હુ રકમ તો આપુ છુ પણ તે અંગેનુ લખાણ કરી આપવુ પડશે જેથી આરોપીએ જણાવેલ કે,તે લખાણ આપણે મોડાસા મુકામે કરીશુ જેથી ફરીયાદી આરોપી સાથે મિત્રતા ના સબંધમાં મોડાસા આવેલા અને તે અંગેનો નોટરી રુબરુ કરાર આરોપીએ ફરીયાદીને તા.૧૫.૧૦.૨૪ ના રોજ મોડાસા મુકામે કરી આપી, રૂા.૭,૫૦,૦૦૦/-હાથ ઉછીના લીધેલા અને ફરીયાદીએ પચાસ લાખની

સબસીડીવાળી લોન લેવાની લાલચમાં આવી આરોપીને ફરીયાદીએ લીધેલ લોનમાંથી તેમજ અંગત બચતમાંથી અને ધંધાની આવકમાંથી રૂા.૭,૫૦,૦૦૦/- રોકડા હાથઉછીના આપેલા તથા ત્રણ મહીનાનો સમય જતાં ફરીયાદીએ આરોપી પાસે હાથઉછીની આપેલ રકમની પરત માંગણી કરેલ જેથી આરોપીએ સદર રકમ પેટે આઈ.ડી.બી.આઈ.બેંક,મોડાસા શાખાનો ચેક નં.૦૦૨૨૮૧ નો તા.૧૭.૦૧.૨૫ ના રોજનો રૂા.૭,૫૦,૦૦૦/- પુરાનો ભરીને,સહી કરીને આપેલ અને પાકો ભરોશો અને વિશ્વાસ આપેલ કે સદર ચેક પાકતી તારીખે બેંકમાં ભરશો એટલે તમારી રકમ પરત મળી જશે જેથી સદરહુ ચેક આરોપીની સૂચના મુજબ ફરીયાદીએ સદર ચેક વટાવવા સારુ તા.૦૭.૦૧.૨૫ ના રોજ બેંક ઓફ ઈન્ડીયા,ભીલોડા શાખામાં કરતા સદર ચેક રીટર્ન થયેલ જેથી આરોપીને મેસેજથી જાણ થતા ફરીથી ફરીયાદીને બે મહીના રાહ જોવાનુ કહેતા ફરીયાદીએ ફરીથી આરોપીની જીબાન ઉપર વિશ્વાસ રાખી આરોપીએ આપેલ ચેક ફરીયાદીએ બેંક ઓફ ઈન્ડીયા,ભીલોડા શાખામાં ચાલતા ખાતામાં તા.૧૯.૦૩.૨૫ ના રોજ ભરતા સદર ચેક આરોપીના ખાતામાં ઓન લાઈન કલીયરીંગ થવા સારુ જતા સદર ચેક''ડ્રોઅર સીગ્નેચર ડીફર'' ના તા.૨૦.૦૩.૨૫ ના બેંક ઓફ ઈન્ડીયા,ભીલોડા શાખાના રીટર્ન મેમા સાથે તા.૨૦.૦૩.૨૫ ના રોજ પરત ફરેલ છે અને જે આપતી વખતે બેંકે ચેક ભરવા સારુ જે કાઉન્ટર ફોઈલ લીધેલ તે અસલ કાઉન્ટર ફોઈલ પરત લઈ લીધેલ.ત્યારબાદ સદરહુ ચેક અને રીટર્ન મેમો ફરીયાદીને આપેલ છે. સદર ચેકના નાણા ફરીયાદીને મળેલ નહી જેથી ફરીયાદીને કાયદેસરના લેણા પેટે આપેલ ચેક પરત થતાં વકીલશ્રી મારફતે આરોપીને તા.૦૪/૦૪/૨૦૨૫ ના રોજ રજી.એડી.થી નોટીસ આપી રકમ ચુકવી જવા સારૂ જણાવેલ જે નોટીસ આરોપીને તા.૦૭/૦૪/૨૦૨૫ ના રોજ બજવણી થઈ ગયેલ છે.સદર નોટીસની બજવણી થયેલ હોવા છતાં આરોપીએ લેણી રકમ પરત

આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી.આમ, આરોપીએ ફરીયાદીની લેણી નીકળતી રકમ નિયત સમયમાં ન ચુકવી અને સદર રકમ પેટે ચેક આપી,ખાતામાં રકમ ન રાખી ચેક પાસ ન કરાવી ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોય હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૨) સદર કામે ઉપરોકત વિગતોવાળી ફરીયાદ દાખલ થતાં ફરીયાદીનું સોગંદ ઉપરનું વેરીફીકેશન નોંધી,આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.એસ.ની કલમ–૨૨૭ હેઠળ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ સમન્સ કાઢવામાં આવેલ જે સમન્સ આરોપીને બજી જતાં આરોપી અદાલત સમક્ષ હાજર થતા,આરોપીને ફરીયાદ તથા જરૂરી દસ્તાવેજોની નકલો આપવામાં આવેલ તથા આંક–૧૨ થી આરોપીની પ્લી નોંધવામાં આવેલ તથા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા,ગુન્હા અંગે આગળ ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફથી નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

<u>મૌખિક પુરાવો</u>

ક્રમ	વિગત	આંક
૧.	ફરીયાદી પરમાર મુકેશભાઈ પરશોત્તમભાઈનુ પુરાવાનુ સોગંદનામુ	૦૪

<u>દસ્તાવેજી પુરાવો</u>

ક્રમ	વિગત	આંક
૧.	આરોપીએ ફરીયાદીને લખી આપેલ ચેક નં.૦૦૨૨૮૧	૧૩
૨.	ચેક રીટર્ન મેમો	૧૪
૩.	નોટીસની આર.પી.એડીની પહોંચ	૧૫

૪.	નોટીસની આર.પી.એડીની પહોંચ	૧૬
૫.	પોસ્ટલ ટ્રેક રીપોર્ટ	૧૭
૬.	એકનોલેજમેન્ટ સ્લીપ	૧૮
૭.	આરોપીને આપેલ નોટીસની અસલ સ્થળપ્રત	૧૯
૮.	બાંહેધરી કરારની ટ્રુ કોપી	૨૦

ફરીયાદપક્ષે આંક–૨૯ તથા ૩૧ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી તેઓને વધુ કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવો નથી તેવુ જાહેર કરેલ છે.

(૪) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાના સબંધે બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ તથા આરોપીએ સદરહુ વિશેષ નીવેદનમાં તેઓ વિરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ હોવાનુ જણાવે છે તથા નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે તથા બચાવમાં પુરાવો રજુ કરવો છે તેવી હકીકત જણાવેલ છે પરંતુ આંક–૩૨થી કલોઝીંગ પુરસીસ રજુ કરી,કોઈ પુરાવો રજુ કરવો નથી તેવુ જાહેર કરેલ છે.

(૫) ફરીયાદપક્ષે વિ.વ.શ્રી આર.યુ.મનસુરીનાઓની મૌખિક દલીલો સાંભળી.તેઓની રજુઆત જોતા આ કામમાં આરોપીએ ફરીયાદી પાસેથી હાથ ઉછીના નાણા લીધેલા અને ત્યારબાદ પરત કરેલ નથી.આ કામે આરોપીએ આપેલ ચેક બેંકમાં નાખતા પરત ફરેલ અને જેથી નોટીસ આપવામાં આવેલી અને તે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી.આ કામમાં ફરીયાદપક્ષનો કેસ ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે અને આરોપી પોતાનો યોગ્ય બચાવ રજુ કરવામાં નિષ્ફળ ગયેલ છે.વટાઉખત અધિનીયમની કલમ–૧૧૮, ૧૩૯ ના અનુમાનનો ખંડન કરતો પુરાવો આરોપી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી તથા આરોપી તરફેના બચાવમાં ચેકમાં તેઓની સહીનું ખંડન કરેલ નથી.આ કામમાં પડેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવાના આધારે વટાઉખત

અધિનીયમની કલમ–૧૩૮ મુજબનો ફરીયાદપક્ષનો કેસ સાબીત માનવા અરજ કરેલ છે.

(૬) આરોપી તરફે વિ.વ.શ્રી પી.એ.ઉપાધ્યાયનાઓએ આંક–૩૪ થી લેખીત દલીલો કરેલ છે તથા લેખીત દલીલમાં જણાવેલ છે કે,ફરીયાદી તરફે તેઓનો કેસ શંકાથી પર સાબીત કરવાનો રહે છે અને પોતાના કેસની હકીકત પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ ઉપર રહેલ છે.ફરીયાદી તરફે આરોપીને મિત્રતાના નાતે આપેલ હાથઉછીની રકમ તેઓ કયાં થી લાવેલા તથા સદરહુ રકમ ધંધાની છે કે લોન સ્વરુપે મેળવેલ તે અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી તથા સદરહુ રકમ પ્રાઈવેટ ફાયનાન્સમાંથી મેળવી આરોપીને આપેલ હોય તેવી હકીકત માનવાપાત્ર નથી.વધુમાં ફરીયાદીએ આંક–૨૦ થી રજુ કરેલ બાંહેધરી પત્ર મુજબ આરોપીએ રૂપીયા પચાસ હજાર પરત આપી દીધેલ હોવાનુ જણાવે છે જયારે ફરીયાદ અને સોગંદનામામાં આરોપી પાસેથી રૂપીયા સાત લાખ પચાસ હજાર લેવાના બાકી રહે છે તેવુ જણાવે છે જેથી ફરીયાદીએ બાકી રકમ અંગે વિરોધાભાસી પુરાવો રજુ કરેલ છે.વધુમાં ફરીયાદી તરફે રજુ કરેલ દસ્તાવેજી પુરાવામાં વિરોધાભાસી હકીકતો જણાવેલ છે તથા નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબના ફરજીયાત અનુમાનોની હકીકત પુરવાર કરી શકેલ નથી તથા આરોપી તરફે સદરહુ અનુમાનોનુ ખંડન કરતી હકીકત રેકર્ડ ઉપર લાવેલ છે જેથી આરોપીને શંકાનો લાભ આપવો જોઈએ તેવી રજુઆત કરેલ છે.વધુમાં આરોપી તરફે તેઓની રજુઆતના સમર્થનમાં નામદાર સુપ્રીમ કોર્ટનો (૧) કુમાર એકસપોર્ટસ વિરુધ્ધ શર્મા કાર્પેટસ,ક્રીમીનલ અપીલ નં.૨૦૪૫/૨૦૦૮,(૨) રંગપ્પા વિરુધ્ધ શ્રીમોહન,ક્રીમીનલ અપીલ નં.૧૦૨૦/૨૦૧૦,(૩) હીતેન પી.દલાલ વિરુધ્ધ બદ્રીનાથ બેનરજી,(૪) જોન કે.જોન વિરુધ્ધ ટોમ વર્જીસ અને બીજા,(૫) કે.સુબ્રમની વિરુધ્ધ કે.દામોદરા નાયડુ,ક્રીમીનલ અપીલ નં.

૨૪૦૨/૨૦૧૪,(૬) બસલીંગપ્પા વિરુધ્ધ મુદીબસપ્પા,ક્રીમીનલ અપીલ નં. ૬૩૬/૨૦૧૯ ના ચુકાદાઓ રજુ કરેલ છે.

(૭) આ કામમાં ફરિયાદપક્ષના પુરાવા તથા સાધનીક દસ્તાવેજો અને વિ.વ.શ્રી.ની દલીલો ધ્યાને લેતા આ કેસનો નિર્ણય કરવા માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દાઓ

(૧)	શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,ફરીયાદવાળો ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણી પેટે ફરીયાદીને લખી આપેલ અને જે નિયત સમયમાં ફરીયાદીએ બેંકમાં રજુ કરતા વગર સ્વીકારાયે પરત ફરેલો અને નિયત સમયમાં આરોપીને નોટીસ આપવામાં આવેલ,જે મળવા છતાં આરોપીએ ફરીયાદીને ચેકની રકમ નહી ચુકવીને વટાઉખત અધિનિયમની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કર્યો છે ?
(૨)	શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો તથા તેના કારણો નીચે મુજબ છે.

(૧)	હકારાત્મક,
(૨)	આખરી હુકમ મુજબ.

-: કારણો :-

(૯) આ કામે બન્ને પક્ષોની દલીલો તેમજ કેસના રેકર્ડને કાયદાની જોગવાઈઓ તેમજ નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર ગુજરાત વડી અદાલત ધ્વારા આપવામાં આવેલ વખતો વખતના ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને રાખી તેમજ કાયદાના પ્રબંધો લક્ષ્યમાં લેવા જરુરી છે.હાલના કેસની બંને પક્ષકારોની તકરારો જોતા,કાયદાની નીચે મુજબની જોગવાઈઓ ધ્યાને લેવી જરુરી છે.

કલમ: ૧૧૮. નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટસ વિષે માની લેવાની બાબત :

એથી વિરુઘ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી,નીચે પ્રમાણે માની લેવામાં આવશે :

(એ) અવેજ વિષે : દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય, ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ, તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતુ.

(બી) તારીખ વિષે : જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખ કરી આપ્યું અથવા લખી આપ્યું હતુ :

(સી) સ્વીકારના સમય વિષે : સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

(ડી) તબદીલીના સમય વિષે : કોઈ વટાઉ ખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.

(ઈ) શેરાઓના ક્રમ વિષે : કોઈ વટાવ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(એફ) સ્ટેમ્પ વિષે : ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો:

(જી) ધારક યથાનુક્રમે ધારક છે એમ માની લેવા વિષે : કોઈ વટાઉ ખતનો ધારક યથાનુક્રમ ધારક છે,પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી,અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત

પાસેથી,કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યુ હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાનુક્રમે ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

<u>કલમ:૧૩૮. ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર :</u>

સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે,કોઈ વ્યકિત,પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક, એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે,કારણ કે એ ખાતામાની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે અથવા તો બેંક સાથે સમજુતી થી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતાં વધુ છે,ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને ''બે વર્ષ''સુધીની કેદની શિક્ષા,અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે.

પરંતુ એમ ઠરાવ્યુ છે કે..

(એ) જયાં સુધી,ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત–એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંકમા રજૂ કરવામાં આવ્યો ન હોય,

(બી) જયાં સુધી, તે ચેકનો પેઈ અથવા તો યથાક્રમધારક, જેમ હોય તેમ, તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેને માહીતી

મળ્યાના 'ત્રીસ દિવસ'ની અંદર તે ચેકના લખનારને લેખીત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી,અને

(સી) જયાં સુધી,એવો ચેક લખનાર,ચેકનાં નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમધારકને,જેમ હોય તેમ,ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી,ત્યાં સુધી આ કલમમાંનુ કશું જ લાગુ પડશે નહીં.

ખુલાસો :આ કલમના હેતુઓ માટે દેવું અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

આમ, નેગોશીચેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ:૧૩૮ નો ગુનો પુરવાર થવા માટે આવશ્યક શરતો નીચે મુજબ છે.

૧). ચેક પોતાની જવાબદારી પૂરી કરવા આપ્યો હોવો જોઈએ.

૨). ચેક અપૂરતા બેલેન્સને કારણે પરત આવ્યો હોવો જોઈએ.

૩). કલમ:૧૩૮માં જણાવ્યા મુજબ પેઈ અથવા ચેક ધારણ કરનારે ચેક લખનારને યોગ્ય સમયમાં નોટીસ આપી હોવી જોઈએ.

૪). કલમ:૧૩૮માં જણાવ્યા મુજબ નોટીસ બજવાના ૧૫ દિવસોમાં ચેક લખનાર તે રકમ ચૂકવવામા નિષ્ફળ ગયો હોવો જોઈએ.

<u>**કલમ: ૧૩૯ :**</u> ધારકની તરફેણમા અનુમાન: જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહીં ત્યા સુધી એમ અનુમાન કરવામાં આવશે, કે ચેકના ધારકે કલમ: ૧૩૮માં જણાવેલ ચેક,કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારીને પૂરેપૂરી રીતે અથવા અંશત: ફેડવા માટે મેળવ્યો હતો.

નોંધ: પાછો ફરેલ એ વર્તમાન દેવું કે જવાબદારી ફેડવા પ્રત્યે હતો તેવું અનુમાન કરવામાં આવશે, એથી વિરુધ્ધ પુરવાર કરવાનો બોજો એટલે કે આપેલો ચેક કોઈ દેવા પ્રત્યે કે જવાબદારી પ્રત્યે ન હતો એ ચેકના આપનાર ઉપર છે. કોઈને નાણાં ઉછીના આપવા માટેનો અથવા તો બાનાનાં નાણાં આપવા માટે લખી આપેલો ચેક એ દેવુ કે જવાબદારી ફેડવા માટેનો ચેક ગણાય નહીં તેથી તે પાછો ફરે તો કલમ:૧૩૮ હેઠળ કોઈ ગુનો બનતો નથી.

(૧૦) સદર કામે રજુ થયેલ પુરાવાનું અને આરોપીપક્ષના બચાવ અંગે મૂલ્યાંકન કરતાં પહેલાં નામદાર સુપ્રિમ કોર્ટનો "**Rangappa V/s. Sri Mohan, 2010(1) DCR 706 (SC)**" ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાનો પેરા–૧૪ વંચાણે લેવા જરુરી છે. જે નીચે મુજબ છે:–

> **PARA-14:-** In light of these extracts, we are in agreement with the respondent-claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat (supra) may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it was based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While

Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the accused/defendant cannot be expected to discharge an unduly high standard or proof. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of 'preponderance of probabilities'. Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own.

આમ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ પ્રાથમિક અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું હોય છે.પરંતુ તે અનુમાનનું ખંડન થયેલ છે કે કેમ?તે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાના આધારે નકકી કરવાનું હોય

છે અને રજુ થયેલ પુરાવા ઉપરથી જયારે અનુમાનનું ખંડન થયું હોય ત્યારે ફરીયાદપક્ષ ઉપર પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી હોય છે.વધુમાં અનુમાનનું ખંડન કરવા સારું આરોપીએ પોતે વિટનેસ બોક્ષમાં હાજર થઈ પુરાવો આપવાની જરુર નથી.માત્ર આરોપીપક્ષે ફરીયાદપક્ષના કેસ ઉપર સંભવિત શંકા ઉત્પન્ન થાય તેટલી હકીકત રેકર્ડ ઉપર લાવી શકે તે પણ પર્યાપ્ત છે.

(૧૧) સદર કામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ની કલમ–૧૩૯ મુજબ ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવા સારૂ આરોપીએ ચેક આપ્યા તારીખથી સમય મર્યાદામાં ચેક ડીપોઝીટ કરાવવો જરૂરી છે,તે ચેક આરોપી ધ્વારા તેમના બેંક ખાતાનો આપેલ છે તે હકીકત,તે ચેક અપુરતા ભંડોળના કારણે રીટર્ન મેમો સાથે પરત ફરેલ હોવાનું,ચેક સ્વીકારાયા વિના પરત ફર્યા બાદ સમય મર્યાદામાં રજી.પો.એ.ડી.ધ્વારા નોટીસ આપેલ હોવાનું ,તે નોટીસ આરોપીને બજી ગયેલ હોવાનું અને નોટીસ મળી ગયા બાદ પણ આરોપીએ નાણાં સમય મર્યાદામાં ચુકવેલ નહીં હોવાનું અને ત્યાર બાદ સમય મર્યાદામાં ફરીયાદ દાખલ કરેલ હોવાનું પુરવાર થવું જરૂરી છે.

(૧૨) હાલની ફરીયાદના કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની જોગવાઈઓનું પાલન થયેલ છે કે કેમ? તે અંગે રજુ પુરાવો વંચાણે લેતા,આ કામના આરોપીએ રૂ.૭,૫૦,૦૦૦/– નો તા.૧૭–૦૧–૨૦૨૫નો ચેક નં.૦૦૨૨૮૧ નો આપેલ,જે ચેક ફરીયાદીએ તેના ખાતામાં કલીયરીંગ માટે નાખતા,સદર ચેક રીટર્ન થયેલ જેથી બે મહીના પછી સદર ચેક તા.૧૯–૦૩–૨૦૨૫ના રોજ ભરતા તા.૨૦.૦૩.૨૫ ના રોજ આરોપીના ખાતામાં ''ડ્રોઅર સીગ્નેચર ડીફર''ના શેરા સાથે પરત આવેલ જેથી ફરીયાદીએ આરોપીને જાણ કરેલ તથા ફરીયાદીએ તા.૦૪–૦૪–૨૦૨૫ ના રોજની નોટીસ આપેલ,જે નોટીસ આરોપીને તા.૦૭–૦૪–૨૦૨૫ ના રોજ

બજી ગયેલ છે.સદર અસલ ચેક આંક–૧૩ થી રજુ છે તથા ફરીયાદીની બેંકનો ચેક રીટર્ન મેમો આંક–૧૪ થી રજુ છે તેમજ આરોપીને આપેલ લીગલ નોટીસ આંક–૧૯ તથા આરોપીને નોટીસ મોકલ્યાની પાવતીઓ આંક–૧૫ અને ૧૬ થી તથા પોસ્ટલ ટ્રેક રીપોર્ટ આંક–૧૭ થી તથા એકનોલેજમેન્ટ સ્લીપ આંક–૧૮ રજુ છે.આમ ફરીયાદીને આરોપીએ આપેલ તકરારી ચેક ડ્રોઅર સીગ્નેચર ડીફરના કારણે પરત આવ્યા બાદ નિયત સમય મર્યાદામાં આરોપીને નોટીસ આપેલ અને જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં, આરોપીએ ચેકની રકમ ફરીયાદીને ચુકવેલ ન હોય,હાલની આંક–૧ ની ફરીયાદ નિયત સમય મર્યાદામાં દાખલ કરેલ છે.વધુમાં સદર કામે આરોપીએ પોતાના ખાતાનો ચેક નહીં હોવાનો અને તેમાં પોતાની સહીં નથી તેવો લેશમાત્ર બચાવ લીધેલ નથી જેથી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ આંક–૧૩ વાળો ચેક આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણા પેટે આપેલ હોવાનું પ્રાથમિક અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવામાં આવે છે જેથી હવે આરોપી ઉપર સદર અનુમાનનું ખંડન કરવાની જવાબદારી રહેલ છે.

(૧૩) વધુમાં ફરીયાદપક્ષના પુરાવા ધ્યાને લેતા,ફરીયાદીએ આરોપીને નાણાં આપેલા તથા સદરહુ રકમ આરોપીએ નહી ચુકવતા, આરોપીએ બાકી લહેણા પેટે તકરારી ચેક આપેલો.આરોપી તરફે તકરારી ચેકમાં પોતાની સહીનુ ખંડન કરેલ નથી તથા એવીડન્સ એકટની કલમ–૯૧ અને ૯૨ ધ્યાને લેતા,જયારે દસ્તાવેજી પુરાવાથી કોઈ હકીકત પુરવાર થયેલ હોઈ ત્યારે તે અંગેની સમર્થનકારી હકીકત નહી માનવાને કોઈ કારણ નથી અને હાલના કેસમાં ફરીયાદપક્ષે તકરારી ચેકની હકીકતો પુરવાર કરેલ હોઈ આરોપી વિરૂધ્ધનો કેસ માનવાપાત્ર છે.

(૧૪) વધુમાં આરોપી તરફે આંક–૩૪ થી લેખીત દલીલો રજુ કરેલ છે તથા લેખીત દલીલમાં જણાવેલ છે કે,ફરીયાદી તરફે તેઓનો કેસ શંકાથી પર સાબીત કરવાનો રહે છે અને પોતાના કેસની હકીકત પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ ઉપર રહેલ છે તથા ફરીયાદી તરફે આરોપીને મિત્રતાના નાતે આપેલ હાથઉછીની રકમ તેઓ કયાંથી લાવેલા તથા સદરહુ રકમ ધંધાની છે કે લોન સ્વરુપે મેળવેલ તે અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી તથા સદરહુ રકમ પ્રાઈવેટ ફાયનાન્સમાંથી મેળવી આરોપીને આપેલ હોય તેવી હકીકત માનવાપાત્ર નથી,પરંતુ આરોપી તરફે તેઓના બચાવમાં કોઈ પુરાવો રજુ કરેલ નથી તથા ફરીયાદીની સોગંદ ઉપરની જુબાની તથા રજુ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા,આરોપીએ આંક–૧૩ ના તકરારી ચેકમાં પોતાની સહીનુ ખંડન કરેલ નથી તથા ફરીયાદીએ આરોપીને સદરહુ રકમ હીરાનંદાની ફાઈનાન્સીયલ પ્રા.લી.માંથી મેળવેલ લોનમાંથી નાણાં આપેલ હોવાનુ જણાવેલ છે તથા આરોપીએ ફરીયાદીને વધુ પચાસ લાખની સબસીડીવાળી લોન કરાવી આપવાની વાત કરેલ હોય જેથી સદરહુ હકીકત નહી માનવાને કોઈ કારણ જણાતુ નથી તથા આરોપીને ફરીયાદીએ તકરારી ચેકની રકમ આપેલ હોવાનુ માનવાપાત્ર છે જેથી આરોપી તરફેની ઉપરોકત રજુઆત તેઓના બચાવને સમર્થનકારી ન હોવાનુ જણાય છે.વધુમાં આરોપી તરફે લેખીત દલીલમાં રજુઆત કરેલ છે કે,ફરીયાદીએ આંક–૨૦ થી રજુ કરેલ બાંહેધરી પત્ર મુજબ આરોપીએ રૂપીયા પચાસ હજાર પરત આપી દીધેલ હોવાનુ જણાવે છે જયારે ફરીયાદ અને સોગંદનામામાં આરોપી પાસેથી રૂપીયા સાત લાખ પચાસ હજાર લેવાના બાકી રહે છે તેવુ જણાવે છે જેથી ફરીયાદીએ બાકી રકમ અંગે વિરોધાભાસી પુરાવો રજુ કરેલ છે પરંતુ આંક–૨૦ નો નાણાંકીય લેવડદેવડનો બાંહેધરી પત્ર વંચાણે લેતા,ફરીયાદીએ હીરાનંદાની ફાઈનાન્સ હીંમતનગરમાંથી લોન કરી રૂપીયા આઠ લાખ હાથ

ઉછીના આરોપીને આપેલ જેમાંથી આરોપીએ પચાસ હજાર રુપીયા પરત આપી દીધેલા તથા આરોપીએ રૂપીયા સાત લાખ પચાસ હજાર અંગે આઈ.ડી.બી.આઈ.બેંક,મોડાસા શાખાના ચેક નં.૦૦૨૨૮૧ તથા એકસીસ બેંક,મોડાસા શાખાનો ચેક નં.૧૬૬૪૧૪ આપેલ જેથી ફરીયાદીના પુરાવામાં બાકી લેણાં અંગે વિરોધાભાસ હોવા અંગેની આરોપી તરફેની રજુઆત માનવાપાત્ર જણાતી નથી.વધુમાં આરોપી તરફે લેખીત દલીલમાં રજુઆત કરેલ છે કે,ફરીયાદી તરફે રજુ કરેલ દસ્તાવેજી પુરાવામાં વિરોધાભાસી હકીકતો જણાવેલ છે તથા નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબના ફરજીયાત અનુમાનોની હકીકત પુરવાર કરી શકેલ નથી તથા આરોપી તરફે સદરહુ અનુમાનોનુ ખંડન કરતી હકીકત રેકર્ડ ઉપર લાવેલ છે જેથી આરોપીને શંકાનો લાભ આપવો જોઈએ તેવી રજુઆત કરેલ છે,પરંતુ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લઈએ તો,ફરીયાદી તરફે આરોપી પાસેથી કાયદેસરના બાકી લેણાં પેટે આંક–૧૩ માં જણાવેલ રુપીયા સાત લાખ પચાસ હજાર બાકી હોવાનુ પુરવાર થયેલ છે તથા સદરહુ ચેકમાં આરોપીની સહી જણાય છે તેમજ સદરહુ ચેક ડ્રોઅર સીગ્નેચર ડીફરના શેરા સાથે પરત આવ્યા બાદ નિયત સમયમાં આરોપીને નોટીસ આપેલ અને આરોપીએ ત્યારબાદ ફરીયાદીને નાણાં ચુકવેલ ન હોય હાલની ફરીયાદ દાખલ કરેલ અને આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરેલ છે અને નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ મુજબના અનુમાનો આરોપી વિરુધ્ધ હોવાનુ પુરવાર કરેલ છે જેથી આરોપી તરફેની સદરહુ રજુઆત માનવાપાત્ર જણાતી નથી.

વધુમાં આરોપી તરફે તેઓની રજુઆતના સમર્થનમાં નામદાર સુપ્રીમ કોર્ટનો (૧) કુમાર એકસપોર્ટસ વિરુધ્ધ શર્મા કાર્પેટસ, ક્રીમીનલ અપીલ નં.૨૦૪૫/૨૦૦૮,(૨) રંગપ્પા વિરુધ્ધ શ્રીમોહન,ક્રીમીનલ અપીલ નં.૧૦૨૦/૨૦૧૦,(૩) હીતેન પી.દલાલ વિરુધ્ધ બદ્રીનાથ બેનરજી,

(૪) જોન કે.જોન વિરુધ્ધ ટોમ વર્ગીસ અને બીજા,(૫) કે.સુબ્રમની વિરુધ્ધ કે.દામોદરા નાયડુ,ક્રીમીનલ અપીલ નં.૨૪૦૨/૨૦૧૪,(૬) બસલીંગપ્પા વિરુધ્ધ મુદીબસપ્પા,ક્રીમીનલ અપીલ નં.૬૩૬/૨૦૧૯ ના ચુકાદાઓ રજુ કરેલ છે.ઉપરોકત ચુકાદાઓમાં ઠરાવેલા સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૧૮,૧૩૯ મુજબના અનુમાનોની હકીકત પુરવાર કરવાની રહે છે તથા ફરીયાદી ચેકમાં જણાવેલ રકમ આરોપીને આપવા સક્ષમ હતા તે અંગેની હકીકત પુરાવાથી પુરવાર કરવી જરુરી હોવાનુ આરોપી તરફે રજુઆત કરેલ છે.હાલના કામમાં ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓથી આંક–૧૩ નો તકરારી ચેક ડ્રોઅર સીગ્નેચર ડીફરના શેરા સાથે પરત આવેલ છે અને સદરહુ તકરારી ચેકમાં આરોપીની સહી હોવાનુ પુરવાર થયેલ છે તથા આરોપીએ સદરહુ તકરારી ચેકમાં પોતાની સહીનુ ખંડન કરેલ નથી તથા સદરહુ ચેક પરત આવ્યા બાદ નિયત સમયમાં ફરીયાદી તરફે આરોપીને નોટીસ આપેલ અને સદરહુ નોટીસ મળ્યા છતાં આરોપી તરફે તકરારી ચેકની રકમ ફરીયાદીને ચુકવેલ નથી તથા હાલની ફરીયાદ ત્યારબાદ નિયત સમયમાં ફરીયાદી તરફે દાખલ કરેલ છે તથા રજુ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓથી નેગો.ઈન્સ્ટુ.એકટ કલમ–૧૧૮ તથા ૧૩૯ ના અનુમાનોની હકીકત પુરવાર કરેલ છે.વધુમાં ફરીયાદી તરફે આરોપી પાસેથી બાકી લેણાંની રકમ રુપીયા પચાસ હજાર વસુલ મેળવવાની બાકી હોવાનુ પુરવાર કરેલ છે જેથી ઉપરોકત ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાંતો આરોપી તરફેની રજુઆતને સમર્થનકારી ન હોવાનુ જણાય છે.

(૧૫) આમ,ઉપરોકત ચર્ચાને ધ્યાને લેતાં આ કામના ફરીયાદીએ આરોપીને સબંધના નાતે નાણાં આપેલ તથા સદરહુ નાણાં ફરીયાદીએ પરત માંગેલ તથા આરોપીએ નાણાં પેટે આંક–૧૩ નો તકરારી ચેક ફરીયાદીને આપેલ.ફરીયાદીએ સદર ચેક તેના ખાતામાં કલીયરીંગ માટે નાંખતા આરોપીના

ખાતામાં ''ડ્રોઅર સીગ્નેચર ડીફર''ના કારણે પરત ફરેલ જેથી ફરીયાદીએ આરોપીને વકીલ મારફતે લીગલ નોટીસ આપેલ,જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં ચેકની રકમ ફરીયાદીને ચુકવેલ ન હોય, ફરીયાદીએ હાલની આંક-૧ની ફરીયાદ દાખલ કરેલ છે તથા રજુ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓથી આ કામના આરોપી પાસે ચેકની રકમ રૂા.૭,૫૦,૦૦૦/-લેણાં નીકળતા હોવાનું પુરવાર કરેલ છે.આરોપી તરફે સદર રકમ કાયદેસર લેણાં પેટે ચુકવવાની થતી ન હોવા અંગે ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટ કલમ-૧૩૯ મુજબનું અનુમાનનું ખંડન કરતો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી જેથી ફરીયાદીએ રજુ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ આધારે ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટ કલમ-૧૩૮ મુજબનો ગુનો આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરેલ હોય,**મુદ્દા નંબર-૧** નો જવાબ **હકારમાં** આપી,**મુદ્દા નંબર-૨** અંગે નીચે મુજબનો **આખરી હુકમ** ફરમાવવામાં આવે છે.

-: આખરી હુકમ :-

૧) આ કામના આરોપી પંડયા બ્રિજેશકુમાર વસંતલાલ,રહે.ડી-૬૦,મધુવન રેસીડેન્ટ, મોડાસા, તા.મોડાસા, જી.અરવલ્લી.મુળ રહે.ખેરાડી, તા.ભિલોડા,જી.અરવલ્લીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૮ મુજબ ધી નેગો.ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) ગુન્હાના કામે સજા અંગે સાંભળવા મુલત્વી રાખવામાંઆવે છે.

હુકમ આજ તારીખ-૧૨ મી,માહે-ઓગસ્ટ,સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૧૨/૦૮/૨૦૨૬
સ્થળ :ભિલોડા

(એમ.એ.મકરાણી)
અધિક ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ભિલોડા
જીજે ૦૧૦૦૭

:: સજાનો હુકમ ::

ફરીયાદીના વિ.વ.શ્રીને સાંભળ્યા,આરોપી હાજર છે તથા આરોપીના જાણકાર વકીલશ્રી પી.એ.ઉપાધ્યાય ગેરહાજર છે તથા સાથી વકીલશ્રી એમ.ડી.ભાટીયા હાજર છે.હાલના ગુનાના કામે આરોપીને ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટ કલમ–૧૩૮ મુજબ તકસીરવાન ઠરાવવામા આવેલ છે તથા ગુનાના કામે સજા અંગે સાંભળવા મુલતવી રાખવામા આવેલ.

વધુમાં આરોપીના જાણકાર વકીલશ્રીના સાથી વકીલશ્રી એમ.ડી.ભાટીયાની રજુઆત છે કે,આરોપી ઉપર તેમના કુટુંબની જવાબદારી છે.આરોપી ભીલોડા તાલુકાના સ્થાનિક રહેવાસી છે.આરોપીનો આ પ્રથમ ગુનો છે.આરોપી રીઢા ગુન્હેગાર નથી તથા આરોપી આવા પ્રકારના ગુન્હામાં ફરીવાર સંડોવાશે નહી તથા કોર્ટ ફરમાવે તેવી શરતોનું પાલન કરવા માટે ખાત્રી આપેલ છે.આરોપી સામે ગુન્હાની સજાની જોગવાઈ તથા આરોપી ઉપરની કૌટુંબીક તથા સામાજીક જવાબદારી ધ્યાને લઈ,આરોપીને લઘુતમ સજા કરવા અરજ કરેલ છે.

ફરીયાદી તરફે વિ.વ.શ્રીની એવી રજુઆત છે કે હાલના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે તથા ચેકો રીટર્ન થવાના કિસ્સા વધી રહેલ છે.આરોપીએ ફરીયાદી પાસેથી હાથ ઉછીના નાણા મેળવી તે પેટે ચેક આપેલ અને તે ચેક મુજબની રકમ મળેલ નહી,આમ આરોપી આવા ચેક દેવાની ટેવવાળી છે અને સમાજમાં દાખલો બેસાડવો જરૂરી બની જાય છે જેથી આરોપીને કાયદા મુજબની મહતમ સજા કરવી જોઈએ અને વળતર અપાવવો જોઈએ.

આ કામે આરોપીએ ફરીયાદી પાસેથી નાણા મેળવેલ અને તે નાણાની લેણી રકમ પેટે જે ચેક આપેલ તે ચેક વટાવવા નાખતા તે ચેક ''ડ્રોઅર સીગ્નેચર ડીફર''ના શેરાથી વગર સ્વીકારાયે પરત ફરેલ છે તથા નોટીસ આપ્યા બાદ પણ નાણા પરત કરેલ નથી તથા લાંબો સમય કેસ

ચાલતા દરમ્યાન પણ કોઈ રકમ પરત કરેલ નથી.વધુમાં કાયદા પાછળનો હેતુ તથા આરોપીની વર્તણુક લક્ષમાં રાખતા,આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે,લોકોનું બેન્કીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈએ તેમ આ અદાલતનું માનવું છે તથા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદો ઘડવા પાછળનો ઈરાદો કાયદાને અસરકારક બનાવવાની મુખ્ય ફરજો અદાલતોની છે અને જો તે મુજબ ન કરવામાં આવે તો લોકોનું બેંકીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ઉઠી જશે,લોકો ચેકોનો બેફામ દુરઉપયોગ કરતાં અચકાશે નહી જેના કારણે ભારતીય અર્થતંત્ર કે જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકસાન થાય તેમ છે.

હાલના કેસની હકકીતો અને સંજોગો લક્ષમાં લઈએ તો,આરોપી પોતે ઠરેલ વ્યકિત છે તથા લીધેલ નાણા સામે ચેક આપવાની ગંભીરતા તેમને ખ્યાલ હોવી જોઈએ તથા ખોટા બચાવ લઈ સમય વ્યતિત કર્યા બાદ કેસ ચાલતા દરમ્યાન પણ આરોપી તરફે ફરીયાદીને ચેકની રકમ ચૂકવવામાં આવેલ નથી તથા બેલેન્સ ન હોવા છતા ખોટો ચેક આપવા આરોપી ટેવાયેલાનુ જણાય છે.આમ આરોપીની દાનત,રકમ ફરીયાદીને પરત નહીં આપવાનું જણાય છે.આરોપીની વર્તણૂક લક્ષે રાખી,તેને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય જણાતો નથી,તે ઉપરાંત આ અદાલતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮માં જણાવેલ સજાની જોગવાઈઓ પણ લક્ષે લીધેલ છે.

[138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account. —Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is

returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, **be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both:**

ફરીયાદી તરફે વળતરની રજુઆત લક્ષે લીધી.આ અદાલતે **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭(૧) જી.એલ.એચ.પાના નં.૨૨૫ શંકરલાલ એન્ડ પરમાર વિરૂધ્ધ દિનેશ બાબુલાલ બોરીચા**વાળા વિગેરેના ચૂકાદાની હકીકતો લક્ષમાં લીધેલ છે,જેમાં સજા કરતી વખતે દંડ ચૂકવવાનો આદેશ દૂર કરેલ હતો,પરંતુ વળતર ચૂકવવાનો આદેશ યથાવત રાખવામાં આવેલ હતો તે ચૂકાદા અનુસાર આરોપીને દંડ અને વળતર ચૂકવવાનો હુકમ એક સાથે ન કરી શકાય,તે હકીકત આ અદાલતે લક્ષે લીધેલ છે.વધુમા,**નામદાર કેરાલા હાઈકોર્ટનો એમ.વી. નલીન કહાન વિરૂધ્ધ એમ. મેશન,૨૦૦૯ ક્રિમીનલ લો જનરલ પાના નંબર–૧૭૦૩**નો ચુકાદા મુજબ આરોપીને પ્રોબેશન ઓફ એફેન્ડર્સ એકટ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવો ન્યાયોચીત જણાતો નથી અને તેથી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા આંક–૧૩ વાળો ચેક આપેલ હોવાની ફલીત થતી હકીકત ધ્યાને રાખી તથા **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૪(૨) જી.એલ.એચ.પાના નંબર–૨૯,આર.સી. મહેતા વિરૂધ્ધ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની લી.**ના ચુકાદામાં જણાવેલ હકીકતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ કરવાનો

ધારાસભાના આશય ધ્યાને રાખી,આરોપી વિરુધ્ધ **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબનો ''**આખરી હુકમ**'' ફરમાવવામાં આવે છે.

<u>–:: આ ખ રી હુ ક મ ::–</u>

૧) આ કામના આરોપી પંડયા બ્રિજેશકુમાર વસંતલાલ,રહે.ડી–૬૦,મધુવન રેસીડેન્ટ, મોડાસા,તા.મોડાસા, જી.અરવલ્લી,મુળ રહે.ખેરાડી, તા.ભિલોડા,જી.અરવલ્લીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૩૮ મુજબના સજાને પાત્ર ગુન્હામાં બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮ અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સદર ગુનામાં આરોપીને એક (૧) વર્ષની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૩૯૫ મુજબ ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદીને વળતરપેટે એક માસની અંદર ચુકવી આપવી.જો આરોપી વળતરની રકમ એક માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.

૩) આ કામના આરોપીએ જે સજા ભોગવેલ હોય તો, બી.એન.એસ.એસ.ની કલમ– ૪૬૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

૪) આ હુકમની ખરી નકલ બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪ અન્વયે આરોપીને તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજ તારીખ–૧૨ મી,માહે–ઓગસ્ટ,સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૧૨/૦૮/૨૦૨૬
સ્થળ :ભિલોડા

(એમ.એ.મકરાણી)
અધિક ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ભિલોડા
જીજે ૦૧૦૦૭